અપીલ અરજી નં.૨૦૬ તા.૬–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ઈન્દીરાબેન વિનોદભાઈ પટેલ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈન્દીરાબેન વિનોદભાઈ પટેલની તા.૭–૯–૦૯ ની અરજીથી ટેના.નં.૧૭બી–૦૧–૭૪૧૧–૦–૦૦૧ ડી દાખલ કરતી વખતે દસ્તાવેજની નકલ તથા માહિતી અને ટ્રાન્સફર વખતેની પાવર ઓફ એટર્ની નકલ આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૬–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૦૬/૨૦૦૯–૧૦

શ્રી ઈન્દીરાબેન વિનોદભાઈ પટેલની તા.૭–૯–૦૯ ની અરજીથી ટેના.નં.૧૭બી–૦૧–૭૪૧૧–૦–૦૦૧ ડી દાખલ કરતી વખતે દસ્તાવેજની નકલ તથા માહિતી અને ટ્રાન્સફર વખતેની પાવર ઓફ એટર્નીની નકલ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૨ તા.૧૨–૧૦–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા અરજદારની તા.૧૨–૧૦–૦૯ ના પત્રથી મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત અને નારાજગીના કારણો અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી મુળ અરજીની નકલ ફી ભર્યાની રસીદની નકલ સને ૨૦૦૧–૦૨ ના વેરાબીલની નકલ, ઉમાપાર્ક સોસા.ના પ્લોટીંગ દર્શાવતા ડ્રોઈંગની નકલ,અને વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૩૭૮ તા.૯–૧૦–૦૯ થી જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબની નકલ તથા જવાબ મળ્યા પછી નહીં મળેલ માહિતી અંગે તા.૨૬–૧૦–૦૯ નો પત્ર રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી કે પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૭–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ટેના.નં.૧૭બી–૦૧–૭૪૧૧–૦–૦૦૧ ડી લોકેશનવાળી મિલ્કત કયારે દાખલ થઈ તેના દસ્તાવેજની નકલ તથા સદર મિલ્કત કયારે નામફેર થઈ? તેના પાવર ઓફ એટર્નીની નકલની માંગણી કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વેસ્ટઝોન/આરટીઆઈ /૩૭૮ તા.૯–૧૦–૦૯ થી અરજદારને આપેલ માહિતીમાં સદર ટેનામેન્ટ મિલ્કતના માલીક તરીકે ઈન્દિરાબેન વિનોદભાઈનું નામ તથા ખુલ્લી જમીન તરીકે આકારણી ૧–૩–૯૮ થી દાખલ કરવામાં આવેલ છે જયારે તા.૧–૪–૦૮ થી માલીક તરીકે ક્રિષ્નાબેન કુરજીભાઈ દોમડીયાનું નામ દાખલ કરવામાં આવેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે.જે અંગે અરજદારે તા.૬–૧૦–૦૯ ના રોજ અપીલ અરજી કરી દાખલ કરતી વખતના દસ્તાવેજની નકલ તથા નામ ટ્રાન્સફર વખતેની પાવર ઓફ એટર્નીની નકલ સમય અવધિમાં નહીં મળ્યાથી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૩૭૮ તા.૯–૧૦–૦૯ થી મળેલી વિગતો તા.૧૩–૧૦–૦૯ ના રોજ આપવામાં આવેલ હોવાનું જણાવી દાખલ કરતી વખતેના દસ્તાવેજની નકલ અને ટ્રાન્સફર વખતેના પાવર ઓફ એટર્નીની નકલ મળેલ નહી હોવાની રજૂઆત અરજદારે કરી મુળ અરજીના અનુસંધાને સમય મર્યાદામાં નહીં મળેલી નકલો વિના મુલ્યે પૂરી પાડવા હુકમ થવા અપીલ તબકકે રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા ૯–૧૦–૦૯ ના પત્રથી કે તે પછી અપીલના તબકકે માહિતીના ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ હેઠળનો અપવાદ જણાયેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પૂરી પાડેલ દસ્તાવેજ પુરાવા તથા ટ્રાન્સફર સમયેના પાવર ઓફ એટર્ની અંગેની ઉપલબ્ધ માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઈન્દીરાબેન વિનોદભાઈ પટેલ,